દાખલ તારીખ	૧૩/૦૧/૨૦૧૦		
નોંધ્યા તારીખ	૧૩/૦૧/૨૦૧૦		
ફેંસલ તારીખ	૨૪/૦૩/૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૧૬	૦૨	૧૧

જંબુસરના મહે. એડી. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ– જંબુસર.

રે. દિવાની મુ. નં. ૦૭/૨૦૧૦

આંકઃ–

વાદી: **(૧) મૈયત ઈબ્રાહીમ ઈસપ હસન વ્હોરા ઘાંચીના વારસો,**

૧. નુરજહાંબેન ઈબ્રાહીમ ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,

૨. હારૂનભાઈ ઈબ્રાહીમ ઘાંચી,
ઉ.વ.આ, પુખ્ત, ધંધો–ખેતી,

૩. રજ્જાક ઈબ્રાહીમ ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ખેતી,

૪. વિધવા સાબેરાબેન યાસીનભાઈ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,

૫. મુમતાજબેન ઈબ્રાહીમભાઈ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,

૬. રાબીયાબેન ઈબ્રાહીમભાઈ,
ઉ.વ.આ, પુખ્ત, ધંધો–ઘરકામ,

૭. નશીમબેન ઈબ્રાહીમ ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,

તમામ રહે. કાવી, તા. જંબુસર, જિ. ભરૂચ.

(૨) સુલેમાન ઈસપ હસન વ્હોરા ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ખેતી,
(૩) મદીનાબેન ઈસપ હસન વ્હોરા ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,
(૪) મરીયમબેન ઈસપ હસન વ્હોરા ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,
(૫) અમીનાબેન ઈસપ હસન વ્હોરા ઘાંચી,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ,
વાદી નં. ૦૨ થી ૦૫ રહે.
મુ. જંબુસર, કાવા ભાગોળ, બોડાવાળી ખડકી,
તા. જંબુસર, જી. ભરૂચ.

વિરૂધ્ધ

પ્રતિવાદીઓ: **(૧)** ગુલામનબી કરીમ હસન વ્હોરાઘાંચી,
ઉ.વ.આ.પુખ્ત,
(૨) અબ્દુલ કરીમ હસન વ્હોરાઘાંચી,
ઉ.વ.આ.પુખ્ત,
(૩) ઈરફાન મહંમદકરીમ હસન વ્હોરાઘાંચી,
ઉ.વ.પુખ્ત,
તમામ રહે. કાવા ભાગોળ, પીજારા વાડ, તા. જંબુસર,
(૪) મૈયત બીબીબેન ભીખાભાઈ મહંમદભાઈ વ્હોરા ઘાંચી તે
કરીમ હસન વ્હોરાની દીકરીના વારસો
૪.૧ ભીખાભાઈ મહંમદભાઈ વ્હોરા,
ઉ.વ.આ.પુખ્ત,
૪.૨ ગફુરભાઈ ભીખાભાઈ વ્હોરા,
ઉ.વ.આ.પુખ્ત,
૪.૩ યાકુબભાઈ ભીખાભાઈ વ્હોરા,
ઉ.વ.આ.પુખ્ત,

૪.૪ શરીફાબેનભાઈ ભીખાભાઈ મહમદભાઇ વ્હોરા,
ઉ.વ.આ.પુખ્ત,
૪.૫ હમીદાબેન ભીખાભાઈ વ્હોરા,
ઉ.વ.આ.પુખ્ત,
તમામ રહે. શ્રી હરીનગર સોસાયટી, સોખડા રોડ,
છાણી, જી. વડોદરા.
૫. ઘનશ્યામભાઇ અમૃતભાઇ પટેલ
રહે. જંબુસર, કાવા ભાગોળ, બોડાવાળી ખડકી,
તા. જંબુસર, જી. ભરૂચ.
૬. જશુભાઇ છોટાભાઇ નાથાભાઇ
રહે. મુ. ભાણખેતર, તા. જંબુસર, જી. ભરૂચ.
૭. ગફુરભાઈ અસ્માલ વ્હોરા તે ઉરીબેન અસ્માલ વ્હોરાનો
પુત્ર,
ઉ.વ.આ.પુખ્ત,
રહે. કાવા ભાગોળ, તા. જંબુસર, જી. ભરૂચ.
૮. ઉમેશભાઇ જશભાઇ પટેલ
ઉ.વ. ૩૫, ધંધો – ખેતી
રહે. મુ.પો. ભાણખેતર, તા. જંબુસર, જી. ભરૂચ.

વાદીઓ તર્ફે વિધ્વાન વકીલશ્રી જી.એસ. પટેલ
પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ અને ૦૮ તર્ફે વિધ્વાન વકીલશ્રી એસ.આઈ. દૌલા
પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ તર્ફે વિધ્વાન વકીલશ્રી એસ.એમ. સૈયદ

દાવો:–રૂા. ૧,૦૫,૦૦૦/– ના આંક થી જાથુના મનાઇ હુકમ માટેનો તથા રે.સ.નં. ૧૩૮૦ નો તા. ૩૧/૦૩/૦૮ ના રોજ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ રદ કરવા માટેનો...

ચુકાદો

(૧) સદર દાવાના કામે વાદીની દાવા અરજીની હકિકત એવી છે કે, નીચે જણાવેલી ખેતીની જમીન તે મિલકત ઈસપ હસન વ્હોરા ઘાંચીની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની મિલકત છે અને તેમાં વાદીઓ મર્હુમ હસન વ્હોરા ઘાંચીની સીધી લીટીના વારસદારો હોઈ એટલે વાદી નં. ૦૧, ૦૨ મર્હુમ ઈસપ હસન વ્હોરા ઘાંચીના પુત્રો છે. વાદી નં. ૦૩ થી ૦૫ મરનાર ઈસપ હસનની પુત્રીઓ અને વાદી નં. ૦૬ મરનાર ઈસપ હસનની વિધવા પત્ની છે. આમ, તમામ વાદીઓ ગુજરનાર ઈસપ હસનના કાયેદસરના સીધી લીટીના એક માત્ર પુત્રો તથા પુત્રીઓ અને વિધવા પત્ની વારસો હોઈ, મુસ્લીમ કાયદા મુજબ મરનારની સ્વપાર્જીત મિલકતમાં વાદીઓનો હક્ક વારસાઇ હક્કે સમાયેલ છે. જે મિલકતનો આ કામના પ્રતિવાદીઓએ તા. ૩૧/૦૩/૨૦૦૮ ના રોજ પ્રતિવાદી નં. ૦૧ અને ૦૪ નાઓએ પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાને કરી આપેલ જમીનનો વેચાણ દસ્તાવેજ રદ કરાવવા તથા સદર મિલકતમાં વાદીઓનું હિત સ્થાપન કરવા હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલી છે. સદર ખેતીની જમીન મોજે ગામ–જંબુસર, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમમાં આવેલી છે. તેની વિગત નીચે મુજબ છે. રેવન્યુ સર્વે નંબર–૧૩૮૦, હે.આરે. પ્રતિ. ૦૧–૦૫–૧૬, આકાર રૂ. ૦૦ છે. જેની ચતુર્દિશા નીચે મુજબ છે.

પૂર્વે – સ.નં. ૧૩૮૬ તથા ૧૩૮૧ વાળી મિલકત આવેલી છે.

પશ્ચિમ – સ.નં. ૧૩૭૭ વાળી મિલકત આવેલી છે.

ઉત્તરે – સ.નં. ૧૩૮૧ વાળી મિલકત આવેલી છે.

દક્ષિણે – સ.નં. ૧૩૯૮ તથા ૧૩૯૯ વાળી મિલકત આવેલી છે.

ઉપર પેરા–૧ મા જણાવેલી દાવાવાળી જમીન/મિલકત વાદીઓની પિતાશ્રી ની મિલકત છે અને સદર મિલકત આ કામના વાદીઓના પિતા/પતિ મર્હુમ ઈસપ હસન વ્હોરા ઘાંચીએ સદરહુ રે.સ.ન. ૧૩૮૦ વાળી જમીન તા. ૧૬/૦૮/૧૯૩૭ ના રોજ તાલુકા હુકમ ન. લેન્ડ–૫૧૩૫ તા. ૦૮/૦૭/૩૭ ના હુકમ મુજબ હરાજી થી ખરીદ કરેલ હતી અને તેની નોંધ

મોજે જંબુસર, તા.જંબુસર ગામ નમુના નંબર –૬ ૪૧૮૯ થી તા. ૧૬/૮/૩૭ ના રોજ થયેલી છે. આમ, સદરહુ પેરા–૧ વાળી જમીન વાદીઓના પિતા/પતિ શ્રી ઈસપ હસન વ્હોરા એ હરાજીથી ખરીદ કરી ત્યારથી તેઓ કાયદેસર ના માલિકી હક્કે સદરહુ મિલકત ખેડતા આવેલા હતા અને મર્હુમ ઈસપ હસન વ્હોરા ના મૃત્યુ બાદ આ કામના વાદીઓ સદરહુ મિલકત ના કાયદેસર ના સીધીલીટીના વારસો હોય સદરહુ મિલકત માલિકી હક્કે કબજા ભોગવટા માં ખેડતા આવેલા છે તથા બીજાઓ પાસે ત્રીજા ભાગથી ખેડાવતા આવેલા છે અને તેમાં પ્રતિવાદીઓ નો કોઈ લાગ, ભાગ કે હકક હિસ્સો નથી. આ કામના પ્રતિવાદી નંબર –૧ થી ૩ વાદીઓના પિતા/પતિશ્રી ઈસપ હસન વ્હોરા ના ભાઈ કરીમ હસન વ્હોરા ના પુત્રો છે. અને આ પેરા–૧ વાળી જમીન સંબંધી વાદીઓના પિતા/પતિ અને કરીમ હસન વ્હોરા વચ્ચે અગાઉ સ્પે. સીવીલ એપ્લી.નં. ૧૨૨૬૨/૦૪ ની નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લિકેશન દાખલ થયેલી. તેમાં નામ. હાઈકોર્ટે તા. ૨૪–૦૯–૦૪ ના રોજ ચુકાદો જાહેર કરેલો. તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ ટાંકેલ છે કે, જમીનની રેવેન્યુ એન્ટ્રી થવાથી ફકત ફીઝીકલ વેલ્યુ રહે છે તેનાથી પ્રતિવાદીઓ માલીક કબજેદાર થઈ શકતા નથી અને તેનાથી વાદીઓ સક્ષમ સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરવાનો અધિકાર ધરાવે છે. જે આધારે પણ આ કામના વાદીઓ સદરહુ મિલકતના કાયદેસરના વારસદારો છે. સદરહુ પેરા–૧ ની મિલકત બાબતે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ ના પિતાને મરનાર ઈસપ હસન વ્હોરાએ કોઈ સંમતિપત્ર લખી આપેલ નથી કે બક્ષીસથી સદરહુ પેરા–૧ વાળી જમીન લખી આપેલી નથી તેમ છતાં પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ ના પિતાશ્રી કરીમ હસન વ્હોરાએ તલાટી સાથે મળી જઈ એન્ટ્રી તા. ૦૬–૦૭–૭૪ ના રોજ પડાવી લીધેલી, જે એન્ટ્રી બાબતે વાદીઓના મર્હુમ પિતા/પતિએ પ્રાંત અધિકારી/કલેકટર કચેરીમાં અપીલ દાખલ કરી તથા મહેસુલ વિભાગ (વિવાદ) ગુજરાત સરકાર, આંબાવાડી, અમદાવાદ ખાતે ફેરતપાસ અરજી કરેલી અને તેમાં વાદી નં. ૦૧ થી ૦૬ ના પિતાશ્રી ન ફાવતા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ

એપ્લીકેશન નં. ૧૨૨૬૨/૮૦૪ દાખલ કરેલી. આમ, વાદીઓના પિતાશ્રીએ પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ વિરૂદ્ધ કાયદાકીય તમામ પ્રક્રિયાઓ કરેલી છે અને પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ ના પિતાશ્રી મર્હુમ ગામ પંચાયત એન્ટ્રી નં. ૧૪૧૭૭ તથા ફેરફાર નોંધ નં. ૧૫૮૬૨ ને ચેલેન્જ કરતા આવેલા છે, પરંતુ પ્રતિવાદીઓ ફાવેલા નહિ. ત્યારબાદ પણ આ કામના પ્રતિવાદીઓ નં.૭ નાએ અગાઉ સદરહુ મિલકતમાં ગણોતીયા બનવા માટે ગણોતધારા હેઠળ અરજ ગુજારેલી, પરંતુ તા. ૨૩-૦૬-૮૨ ના ટેનન્સી હુકમથી ગફુરભાઈ અસ્માલભાઈ ગણોતીયા છે તેવું સાબીત કરવામાં તેઓ નિષ્ફળ ગયેલા. તેથી પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ કરી આપેલ ગેરકાયદેસરનો વેચાણ દસ્તાવેજ યોગ્ય ઠરાવવા ખોટા પુરાવાઓ ઉભા કરવા પ્રયત્ન કરી રહેલા છે. આમ, સદરહુ મિલકતના આ કામના વાદીઓ કાયદેસરના માલિકી હકકે કબજેદાર હોય તેઓ સદરહુ મિલકત ખેડતા આવેલા છે. ઉપરોક્ત સ્થિતિ હોવા છતાં આ કામના વાદીઓએ સદરહુ પેરા-૧ વાળી મિલકત ચાલુ વરસે મફતભાઈ ભયજીભાઈ રબારી તથા વિજયભાઈ અમરસિંહ ચૌહાણ ને ત્રીજા ભાગથી ખેતી કરવા માટે આપેલી હતી, પરંતુ આ કામના પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાએ વાદીઓની પેરા-૧ વાળી જમીન ઉપર આવી વાદીઓના માણસો કામ કરતા હતા તેમને ધમકાવી ડરાવીને જણાવેલ કે, આ જમીન આ કામના પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ નાઓએ પ્રતિવાદી નં. ૦૭ થી મદદથી તા.૧૩-૧૦-૦૮ ના રોજ તેમને વેચાણ કરી આપેલી છે. તેથી આ જમીન ઉપર ખેડાણ હવેથી કરવું નહિ, તેથી આ બાબતની જાણ વાદીઓને થતાં વાદીઓએ તા. ૧૬-૦૯-૦૯ ના રોજ સદરહુ જમીનના ગામ નમુના નં. ૬ ના હકકપત્રકની નકલો મેળવેલ છે અને સદરહુ ગામ નમુના નંબર ૬ લક્ષમાં લેતાં આ કામના પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ નાએ તલાટી સાથે મળી સદરહુ મિલકત પ્રતિવાદી નં. ૦૫ થી ૦૬ ના નામે ગેરકાયદેસર રીતે વેચાણ દસ્તાવેજથી ટ્રાન્સફર કરાવેલ હોવાની જાણ થયેલી. ત્યારથી સદરહુ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા તથા વાદીઓ સદરહુ મિલકતના મર્હુમ ઈસપ હસનના કાયદેસરના સીધી લીટીના પુત્ર/પુત્રી/પત્નિ થતા હોઈ, વારસો હોઈ, અને

સદરહુ પેરા–૧ વાળી દાવાવાળી જમીન મરનારની સ્વપાર્જીત મિલકત હોઈ તેમાં વાદીઓનો હિત હક્ક સમાયેલ છે અને પ્રતિવાદીઓનો સદરહુ મિલકતમાં કોઈ હક્ક હિત કે લાગ ભાગ ન હોઈ, આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૪ નાએ વાદીઓનો હકકને નુકશાન પહોંચાડવા માટે, પ્રતિવાદી નં. ૦૭ ના મેળાપીપણામાં પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાઓને બારોબાર પેરા–૧ વાળી જમીન વેચાણ દસ્તાવેજ નં.૧૦૨૬/૦૮ થી તા.૩૧–૩–૦૮ ના રોજ વેચાણ કરી દીધી છે અને વાદીઓને આ બાબતની જાણ અમારા માણસોને ખેતી કરતા પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાએ અટકાવતા તે બાબતની વાદીઓને જાણ થતાં, ગ્રામ પંચાયતમાં પેરા–૧ વાળી જમીનની નકલ કઢાવી જોતાં દસ્તાવેજ થયેલાની અને નામો ફેરફાર થયાની જાણ થતાં પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪, ૦૭ નાએ વાદીઓના હકકને નુકશાન કરી દાવાવાળી જમીન અન્ય પ્રતિવાદી નં. ૦૫, ૦૬ ને વેચાણ આપી દઈ વાદીઓના હકકને નુકશાન પહોંચાડેલ. છે અને તેમ થવાથી વાદીઓને નાણાંમાં બદલો ન મળી શકે તેવું અસહય નુકશાન થવા પામેલ છે. સબબ વાદીઓએ આ બાબતે અમારા વકીલશ્રી મારફતે તા. ૦૯–૧૧–૦૯ ના રોજ રજી.પો. એ.ડી. દ્બારા નોટીસ આપેલી અને તેવી નોટીસ બજી જવા છતાં પ્રતિવાદીઓએ તેઓ અમલ ન કરતાં ધાક–ધમકીઓ આપવાનું ચાલુ રાખતા હાલનો દાવો કરવાની ફરજ પડી છે. સબબ, પ્રતિવાદી નં. ૦૧ થી ૪ અને ૦૭ નાઓને તા. ૩૧/૦૩/૦૮ ના રોજ પ્રતિવાદી નં. ૦૫, ૦૬ ના લાભમાં કરી આપેલ સદર મિલકતનો વેચાણનો દસ્તાવેજ રદ કરાવવા તથા સદર વડીલોપાર્જીત મિલકતમાં વાદીઓના એકલાઓનું જ હિત સ્થાપન કરવા, તથા પ્રતિવાદી નં. ૦૫, ૦૬ પેરા–૧ વાળી મિલકત કોઈને વેચાણ યા અન્ય રીતે ટ્રાન્સફર યા તબદીલ કરે કરાવે નહિ તે માટે જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે કરેલો છે.

વાદીએ સદર દાવા અંગે દાદ માંગેલ છે કે,

(૧) પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪, ૦૭ નાએ પેરા–૧ વાળી મોજે જંબુસર, તા. જંબુસર, જી. ભરૂચની સીમમાં આવેલ રે.સ.નં. ૧૩૮૦ વાળી જમીનનો

તા. ૩૧–૦૩–૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૨૬/૦૮ થી જંબુસર રજીસ્ટ્રાર સાહેબની ઓફીસમાંપ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ની તરફેણમાં કરી આપેલ વેચાણનો દસ્તાવેજ રદ કરવા હુકમો ફરમાવશોજી.

(૨) પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ સદર પેરા–૧ વાળી દાવાવાળી મિલકત કોઈને કોઈપણ રીતે વેચાણ યા અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહિ કે તબદીલ કરે કરાવે નહિ તેવો દાવા દરમિયાન જાથુનો મનાઈ હુકમ ફરમાવશોજી.

(૩) પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪, ૦૭ નાઓનું પેરા–૧ વાળી મોજે જંબુસર, તા. જંબુસરની સીમના બ્લોક નં. ૧૩૮૦ વાળી વાદીઓના પિતાની સ્વપાર્જીત મિલકત હોઈ મુસ્લીમ કાયદા મુજબ તેમાં વાદીઓ સીધી લીટીના વારસદારો હોઈ તેમનો હકક સમાયેલ છે તેવું જાહેર કરવા હુકમ ફરમાવશોજી.

(૪) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવશોજી.

(૫) નામ. કોર્ટને યોગ્ય અને મુનાસીબ લાગે તેવો આ દાવાને અનુરૂપ ન્યાયી હુકમ ફરમાવશોજી.

(૨) સદર કામના પ્રતિવાદીઓને નોટીસ/સમન્સ બજવણી થતા પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ નાઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને વાદીના દાવા અરજી વિરૂદ્ધ આંક–૧૯ થી લેખિત જવાબ રજુ રાખેલ છે. જેમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકિકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "રે.સ. નં. ૧૩૮૦ ની મિલકત સને–૧૯૭૪ ની સાલમાં ઈસપ હસન અને કરીમ હસન વચ્ચે ભાઈઓ ભાગની કૌટુંબિક વ્યવસ્થામાં આવેલી અને ત્યારથી આ મિલકત કરીમ હસનના નામે ચાલતી આવેલી છે. કરીમ હસને તે પછી આ મિલકત ઉપર લોન મેળવેલી અને તેઓના નામે ચાલતી હતી અને રેવન્યુ રેકર્ડમાં સ્વતંત્ર નામે દાખલ થયા પછી વેરાઓ પણ અમો ભરતા આવેલા છે. સતત સને–૧૯૭૪ ની સાલથી કરીમ

હસનની માલિકી કબજા ભોગવટાની મિલકત છે અને તેઓ ગુજરી જતા અમો તેના વારસદારો હોય મિલકતના માલિક અને કબજેદાર અમો બનેલા છે અને આ અંગે રેવન્યુ અધિકારીને ત્યાં તથા નામદાર ગુજરાત હાઇકોર્ટ સુધી રેવન્યુ પ્રકરણો ચાલેલા, પરંતુ અમારા નામો કમી થયેલા નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો સને–૨૦૦૪માં આવેલો તેમ છતાં વાદીઓએ ત્રણ વર્ષમાં દાવો કરેલો નથી અને મુદત્ત બહાર ત્રણ વર્ષ પછી દાવો કરેલો છે. જેથી વાદીઓનો દાવો તથા મનાઇઅરજી ચાલવાપાત્ર નથી અને રદ થવા પાત્ર છે. મિલકતોના માલિક અને કબજેદાર વાદીઓ બનેલા છે. રેવન્યુ રેકર્ડમાં અને તમામ રેકર્ડમાં પ્રતિવાદીઓનું નામ ચાલતુ હોય, પ્રતિવાદીઓ કાયેદસરના માલિક અને કબજેદાર હોય, આ મિલકત પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ને પુરતો અવેજ લઇ રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ આપેલી છે અને વેચાણની તારીખથી મિલકતના માલિક અને કબજેદાર પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ બનેલા છે. તેઓ બોનાફાઇડ પરચેજર છે અને તમામ રેકર્ડ જોઇ ચકાસી દસ્તાવેજ કરેલો છે. મિલકતનો કબજો ભોગવટો પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નો છે અને તેઓના નામની કાચી એન્ટ્રી પણ પડેલી છે. તેને ચેલેન્જ કરેલ નથી. વાદી માલિક નથી કે કબજેદાર નથી તેમ છતાં ખોટી હકિકત જણાવી દાવો કરી મનાઇહુકમની માંગણી કરેલી છે, જે દાવો તથા મનાઇ અરજી ચાલવાપાત્ર નથી અને રદ થવા પાત્ર છે. વાદીઓએ રજુ કરેલા કાગળો પરથી જ ફલીત થાય છે કે એન્ટ્રી નં. ૧૪૧૭૭ થી કરીમ હસનનું નામ દાખલ થયેલ છે અને સતત કરીમ હસનનુ અને તેના મરણ પછી તેના વારસદારોનુ નામ ચાલતુ આવેલુ છે અને બેન્ક ઓફ બરોડાના તારણમાં પણ આ મિલકત હતી, ત્યારબાદ વેચાણના આધારે પણ એન્ટ્રી પ્રતિવાદી નં. ૦૫, ૦૬ ની પડેલી છે, તે તમામ દસ્તાવેજી પુરાવા વાદીઓએ રજુ કરેલા છે, તેના ઉપરથી જ ફલીત થાય છે કે આ મિલકતના માલીક અને કબજેદાર છેલ્લા પ્રતિવાદી નં. ૦૫, ૦૬ છે. સદરહું જમીન કરીમ હસનની માલીકીની હોય, ગફુર અસ્માલના નામની તેઓ સામુ ટેનન્સી કાયદાની કલમ–૭૦–બી હેઠળ અરજી કરેલી અને તેઓની અરજી નામંજુર થયેલી, તે વખતે ઈસપ હસન પક્ષકાર ન હતા

કારણ કે માલીક કરીમ હસન હતા. વાદીઓની દાવાઅરજી તથા મનાઈ અરજીમાં જણાવ્યા મુજબનુ કોઈપણ કારણ અમારી સામુ ઉપસ્થિત થતુ નથી કે તેમાં માંગેલી કોઈપણ દાદ વાદીને માંગવાનો અધિકાર નથી, જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરી પ્રતિવાદીઓનો ખર્ચ વાદી પાસેથી અપાવો, તેમજ વાદીએ ખોટો દાવો કરેલો હોય, દરેક પ્રતિવાદીઓને ઈલાયદો કોમ્પેનસેટરી કોસ્ટ વાદીઓ પાસેથી અપાવો. તેમજ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવા અરજ ગુજારેલ છે."

ત્યારબાદ પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને વાદીની દાવા અરજી વિરૂદ્ધ આંક-૨૨ થી લેખિત જવાબ રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ નાઓએ જે લેખિત જવાબ આપેલ છે તે આ લેખિત જવાબનો એક ભાણ ગણી લેવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, "સર્વે નં. ૧૩૮૦ ની મિલકત સને-૧૯૭૪ ની સાલમાં ઈસપ હસન અને કરીમ હસન વચ્ચે ભાઈઓ ભાઈની કૌટુંબિક વ્યવસ્થામાં કરીમ હસનના ભાગે આવેલી અને ત્યારથી આ મિલકત કરીમ હસનના નામે ચાલતી આવેલી છે. તે મિલકત ઉપર કરીમ હસને લોન પણ લીધેલી છે. રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ દાખલ થયેલ, તેઓના માલિકી કબજો ભોગવટો હતો, રેવન્યુ પ્રકરણોમાં તેઓના લાભમાં ચુકાદો આવેલો અને કાયદેસરના તેઓ માલિક હતા અને તેઓના મરણ પછી તેઓના વારસો માલિક થયેલા, વાદીને આ મિલકત સાથે કોઈ લેવા દેવા નથી, જેથી અમોએ બધો રેકર્ડ પુરાવો જોઈ તપાસી કરીમ હસનના વારસદારોના નામ રેકર્ડ પર ચાલતા હોય, તેઓ વેરો ભરતા હોય, કબજો ભોગવટો કરીમ હસનના વારસોનો હોય, તમામ તપાસ કરી દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાએ પુરતો અવેજ આપી રજીસ્ટર દસ્તાવેજથી મિલકત તા. ૩૧/૦૩/૨૦૦૮ ના રોજ વેચાણ રાખેલી અને અમો બોનાફાઈડ પરચેજર છે. અમારા નામની એન્ટ્રી પડેલી છે. માલિક અને કબજેદાર અમો છે. વાદીઓને કોઈ લેવા દેવા નથી અને અમોને ખોટી રીતે વાદીઓએ હેરાન કરેલા હોય, વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરી અમો પ્રતિવાદીઓનો ખર્ચ

વાદીઓ પાસેથી અપાવો તેમજ કોમ્પેનસેટરી કોસ્ટ અમો પ્રતિવાદીઓને વાદી પાસેથી અપાવો."

વધુમાં સદર કામના પ્રતિવાદી નં. ૦૪ ના વારસદારોને તથા પ્રતિવાદી નં. ૦૮ નાઓને નોટીસ/સમન્સ બજવણી થયા બાદ વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થયેલ પરંતુ વાદીની દાવાઅરજી વિરૂદ્ધ લેખિત જવાબ રજુ કરેલ નથી તેમજ પ્રતિવાદી નં. ૦૭ જાતે કે તેમના વકીલશ્રી મારફત હાજર નથી જેથી પ્રતિવાદી નં. ૦૭ સામેની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) વાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

-:: મૌખિક પુરાવા :-

અનું. નં.	આંક	સાહેદ
૦૧	૯૯	વાદી અમીનાબેન ઈસપ વ્હોરા ઘાંચીની સોગંદ પરની સરતપાસ
૦૨	૧૦૦	વાદી મરીયમબેન ઈસપ વ્હોરા ઘાંચીની સોગંદ ઉપર સરતપાસ
૦૩	૧૦૨	સાહેદ રજ્જાકભાઈ ઈબ્રાહીમભાઈ ઘાંચીની સોગંદ ઉપર સરતપાસ

-:: દસ્તાવેજી પુરાવા ::-

અનું. નં.	આંક	દસ્તાવેજની વિગત
૦૧	૧૨૦	રે.સર્વે નં. ૧૩૮૦ ના ગામ નમુના નં. ૭/૧૨ ના ઉતારાની નકલ
૦૨	૧૨૧	બ્લોક નં. ૧૩૮૦ ના ૬ ના હક્ક પત્રક ના ઉતારાની ઝેરોક્ષ નકલ
૦૩	૧૨૨	ગામ નમુના નં. ૬ હક્ક પત્રકની નોંધ નં. ૪૧૮૯ ની ખરી નકલ

(૩.૧) પ્રતિવાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

–:: મૌખિક પુરાવા :–

અનું. નં.	આંક	સાહેદ
૦૧	૧૦૪	પ્રતિવાદી ગુલામનબી કરીમ હસન વ્હોરાની સોગંદ ઉપર સરતપાસ

–:: દસ્તાવેજી પુરાવા ::–

અનું. નં.	આંક	દસ્તાવેજની વિગત
૦૧	૧૧૬	મોજે જંબુસર નોંધ નં. ૧૪૧૭૭ હક્ક પત્રક નમુના નં. ૦૬ ની અટેસ્ટેડ નકલ

(૪) ત્યારબાદ વાદી તર્ફે આ કામે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય, વાદી તરફે આંક–૧૦૩ થી કલોજીંગ પુરસીસ તથા પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ તર્ફે આંક–૧૧૧ થી કલોજીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) ત્યારબાદ વાદી તર્ફે વિધ્વાન વકીલશ્રી દ્ધારા આંક–૧૧૮ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી. વધુમાં વાદી તર્ફે (૧) નામદાર સુપ્રિમ કોર્ટ, સિવિલ અપીલ નં. ૧૫૭૩/૨૦૨૩, કૌશિક પ્રેમકુમાર મિશ્રા વિ. કાનજી રાવરીયા ઉર્ફે કાનજી, (૨) નામદાર સુપ્રિમ કોર્ટ, સિવિલ અપીલ નં. ૯૦૩૫/૨૦૧૩, સ્પે. લીવ પીટીશન(સિવિલ) નં. ૩૩૫૬૩/૨૦૧૧, સાવિત્રીબાઇ વિ. સાવિત્રીબાઇ (૩) નામદાર ગુજરાત હાઇકોર્ટ ના સેકન્ડ અપીલ નં. ૩૧૭/૨૦૨૧, સિવિલ એપ્લીકેશન નં. ૧/૨૦૨૧, લક્ષ્મણભાઇ કરશનભાઇ પટેલ વિ. મૃતકના કાયદેસરના વારસ રમીલાબેન ઉર્ફે રમીબેન કરશનભાઇ પટેલ ની ઑથોરીટી રજુ કરેલ છે. જે માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ અને ૦૮ તર્ફે વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે આંક–૮૬ થી તા. ૨૬/૦૭/૨૦૨૨ ના રોજ સદર દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

મુદ્દાઓ

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકત તેઓના પિતા/પતિ ઈસપ હશન વ્હોરા ઘાંચીની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની હતી અને વાદીઓ તેઓના સીધી લીટીના કાયદેસરના વારસદારો હોય વાદીઓનો મુસ્લીમ કાયદા મુજબ વારસાઈ હક્ક સમાયેલો છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓના પિતા દાવાવાળી જમીન માલિકી હક્કે ખેડતા હતા અને તેઓના અવસાન બાદ વાદીઓ માલિકી હક્કે કબજા ભોગવટામાં ખેડતા આવેલ છે અને બીજાઓ પાસે ત્રીજા ભાગથી ખેડાવતા આવેલ છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓના પિતાએ પ્રતિવાદી નં. ૦૧ થી ૦૩ ના પિતાને દાવાવાળી જમીન બાબતે કોઈ સંમતિપત્ર કે બક્ષીક્ષ લખી આપેલ નથી તેમ છતાં તેઓએ તલાટી સાથે મળી જઈ તા. ૦૬/૦૭/૧૯૭૪ ના રોજ ખોટી નોંધ પડાવેલ છે અને દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓનો કોઈ લાગ ભાગ નથી ?

૪. શું વાદીઓ પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં. ૦૭ દાવાવાળી મિલકતના ગણોતીયા છે તેવું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ તેથી પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ ને મદદ કરવા પ્રતિવાદી નં. ૦૭ એ ખોટા પુરાવા ઉભા કરી પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ને દસ્તાવેજ કરી આપેલ છે તે ગેરકાયદેસર છે ?

૫. શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓએ દાવો કર્યાની સાલે મફતભાઈ રબારી તથા વિજયભાઈ ચૌહાણને ત્રીજા ભાગે ખેતી કરવા આપેલ ત્યારે પ્રતિવાદીઓ નં. ૦૫ અને ૦૬ એ તેઓને ધમકાવી ડરાવીને ખેડાણ કરવું નહી તેમ જણાવેલ ?

૬. શું વાદીઓના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે ?
૭. શું વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?
૮. શું હુકમ તથા હુકમનામુ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબના છે.

મુદ્દા નં. ૧ – નકારમાં
મુદ્દા નં. ૨ – નકારમાં
મુદ્દા નં. ૩ – નકારમાં
મુદ્દા નં. ૪ – નકારમાં
મુદ્દા નં. ૫ – નકારમાં
મુદ્દા નં. ૬ – નકારમાં
મુદ્દા નં. ૭ – નકારમાં
મુદ્દા નં. ૮ – આખરી હુકમ મુજબ

// નિર્ણયો માટેના કારણો //

(૮) મુદ્દા નં. ૧ અને ૦૩ ની ચર્ચા:–

બંને પક્ષોના પક્ષનિવેદન, પુરાવા તથા દલીલો ધ્યાને લઈ મુદ્દા નં.૧ થી ૦૪ ની ચર્ચા કરતા અગાઉ દાવાની હકિકત પુરવાર કરવા સબંધી પુરાવાના સાબિતિના બોજાના અનુસંધાને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

101: Burden of proof

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound

to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ ની જોગવાઈ મુજબ કોઈ વ્યકિત એમ ઈચ્છતો હોય કે, તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતિના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હક્ક અથવા જવાબદારી વિશે કોઈ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા વાદીએ દાખલ કરેલ દાવા અરજીમાં જણાવેલ હકીકત અંગે જ્યારે પ્રતિવાદીએ વાંધો વિરોધ વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જોઈએ. પરંતુ, તે નકારાત્મક રીતે ના સાબિત થવી જરરી નથી વાદીએ પોતાનો કેસ પોતાની રીતે પોતાના દસ્તાવેજોના આધારે શ્રેષ્ઠ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ. વાદી તે પ્રતિવાદીની નબળાઈનો લાભ લઈ શકે નહી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ નો પ્રારંભિક નિયમ અપરિવર્તનશીલ છે. જેથી કલમ–૧૦૧ મુજબ પ્રારંભિક બોજો હંમેશા વાદીના શીરે રહે છે અને જો વાદી તેનું પાલન કરે અને પોતાનો દાવો હકારાત્મક રીતે સાબિત કરે ત્યારે પ્રતિવાદીના શીરે એવા સંજોગો પુરવાર કરવાનો બોજો તબદીલ થાય છે કે, વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર નથી. આમ, ઉપરની જોગવાઈ ધ્યાને લેતાં કોઈ પક્ષકાર પોતાની તરફેણમાં ચુકાદો આવે તેવું ઈચ્છતો હોય ત્યારે તેવી હકીકત અને આક્ષેપ પુરવાર કરવા જરૂરી છે અને જેથી જયારે કોઈ પક્ષકાર પોતાના કબજામાં રહેલ શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરે ત્યારે પુરાવાનો બોજો ભલે બીજા પક્ષકારના શીરે હોય તો પણ આવો શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરનાર પક્ષકારની વિરૂધ્ધનું અનુમાન થાય છે.

(૯) અત્રે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતના દિવાની કેસોમાં પુરાવાની સાબિતિ અંગેના કેટલાક ચૂકાદાઓ તથા કાયદાકીય જોગવાઈની ચર્ચા હાલના કેસની હકીકતના સંદર્ભે કેસના ન્યાયીક

નિર્ણય માટે કરવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર તેને અહીં નીચે મુજબ ચર્ચા કરેલ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે "થી સ્ટેટ ઓફ રાજસ્થાન એન્ડ અધર્સ વિ. હીમસીંઘ " સીવીલ અપીલ નં. ૩૩૪૦/૨૦૨૦ ના ચુકાદામાં પેરા નં. ૨૯ માં નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ છે.

On a 'preponderance of probabilities'

"...29 In M. Siddiq v. Suresh Das6, a Constitution Bench of this Court has described the standard of 'preponderance of probabilities in the following terms:

"720. The court in a civil trial applies a standard of proof governed by a preponderance of probabilities. This standard is also described sometimes as a balance of probability or the preponderance of the evidence. Phipson on Evidence formulates the standard succinctly: If therefore, the evidence is such that the court can say "we think it more probable than not", the burden is discharged, but if the probabilities Evidence.] In are Miller equal, v. it Ministerof is not. Phipsonon Pensions[Millerv. Minister of Pensions, (1947) 2 All ER 372], Lord Denning, J. (as the Master of Rolls then was) defined the doctrine of the balance or preponderance of probabilities in the following terms: (All ER p. 373 H)

"(1)... It need not reach certainty, but it must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is so strong against a man as to leave only a remote possibility in his favour which can be dis-

missed with the sentence, "of course it is possible, but not in the least probable" the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice." (emphasis supplied)

721. The law recognises that within the standard of preponderance of probabilities, there could be different degrees of probability. This was succinctly summarised by Denning, L.J. in Bater v. Bater [Bater v. Bater, 1951 P 35 (CA)], where he formulated the principle thus: (p. 37) "... So also in civil cases, the case must be proved by a preponderance of probability, but there may be degrees of probability within that standard. The degree depends on the subject-matter." (emphasis supplied)...."

નામદાર સર્વોચ્ચ અદાલતે હાલમાં ડાયરેકટર જનરલ ઓફ પોલીસ રેલ્વે પ્રોટેકશન ફોર્સ એન્ડ અધર્સ વિ. રાજેન્દ્રકુમાર દુબે" કે જે સીવીલ અપીલ નં.૩૮૨૦/૨૦૨૦ ના કામે નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ છે.

12.1"..... The standard of proof is hence not the strict standard which governs a trial, of proof beyond reasonable doubt, preponderance of but a civil probabilities, standard Within governed the by rule a of preponderance, there are varying approaches based on context and subject..."

(૧૦) દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા વધુમાં આ તબકકે અહી દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન સંબંધે નામદાર આંધપ્રદેશ વડી અદાલતે "પી. મધુસુધનરાઓ વિ. એલ ટી. કોલ. રવીમાનન અને બીજાઓ" સીવીલ રીવીઝન પીટીશન નંબર. ૪૫૧૫/૨૦૧૪ ના કામે આપેલ ચુકાદાના પેરા નં ૨૬ અને ૨૭ ની ચર્ચા

અહી કરવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર તેને અહી રજુ રાખેલ છે.

"....26. It is clear that the Court has to ascertain the intention of the parties based on the language used in the document. Time and again, the Court have laid down certain principles to interpret any document or clauses therein. In interpret any fact there are no statutory document. But based on rules the to settled principles, the Courts are interpreting the documents and any conditions contained therein. Rules of interpretation are mere working rules or guidelines and are not binding on the Courts of law. Yet, they have some sanctity as they have been deduced from judicial decision over the years. It is found listed in Odgers Construction Deeds and of Statutes, used the listed by the Courts and they have acquired respectability. The Supreme Court in Delhi Development Authority v. Durga Chand has also noticed Deeds and Orders Rules and quoted them with approval and as the observation of the Supreme Court have the force of law of the land, it may be taken Odgers Rules(known as golden rules of interpretation) have been judicially and may be adopted as Rules for interpretation documents in India. These Rules are recognized of the listed here under:

1. The meaning of the document or of a particular part of it is therefore to be sought for in the document itself.
2. The intention may prevail over the words used
3. words are to be taken in their literal meaning
4. literal meaning depends on the circumstances of the parties

5. When is extrinsic evidence admissible to translate the language?
6. Technical legal terms will have their legal meaning.
7. Therefore the deed is to be construed as a whole. Apart from the said seven rules listed by Odger, it would be convenient to list the following rules for the sake of convenience are called additional rules and given number in continuation:
8. Same words to be given the same meaning in the same contract.
9. Harmonious construction must be placed on the contract far as possible. However, in case of conflict as between earlier or later clauses in a contract, later clauses are be preferred to the earlier; while in a will, to earlier clause is to be preferred to the later.
10. Contra Proferendum Rule-If two interpretations are possible, the one favourable to the party who has drafted the contract and the other against him, the interpretation against that party has to be preferred.
11. If two interpretation of a contract are possible the one which helps to make the contract operative to be preferred to the other which tends to make it inoperative
12. In case of conflict between printed clauses and typed clauses, type clauses are to be preferred. Similarly, in conflict between printed and hand written clauses, hand written clauses are to preferred and in event conflict between typed

and hand written clauses, the hand written calluses are to be preferred

13. the special will exclude the general
14. Rule of expression unius est exclusion alterius
15. Rule of noscitus a sociss
16. Ejusdem generic rule will apply both the contract and statute
17. place of Punctuation in interpretation of documents

"...27. From the Rules stated above, when the language used in a document is unambiguous conveying clear meaning, the Court has to interpret the document or any condition therein taking into consideration of the literal meaning of the words in the document. When there is ambiguity, the intention of the parties has to be looked into. Ordinarily the parties use apt words to express their intention but often they do not. The cardinal rule again is that, clear and unambiguous words prevail over the intention. But if the words used are not clear or ambiguous, intention will prevail. The most essential thing is to collect the intention of the parties from the expressions they have used in the deed itself. What if, the intention is so collected will not secure with the words used. The answer is the intention prevails. Therefore, if the language used in the document in unambiguous, the words used in the document itself will prevail but not the intention...."

ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતના "દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટી વિ. દુર્ગાચંદ" રાખીને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની ચર્ચા કરેલ છે,

તે મુજબ ઉપર જણાવેલ નિયમોમાંથી જયારે કોઈ દસ્તાવેજમાં વપરાયેલી ભાષા સ્પષ્ટ અર્થ દર્શાવતી હોય, ત્યારે કોર્ટે દસ્તાવેજમાં શબ્દોના શાબ્દિક અર્થને ધ્યાનમાં રાખીને દસ્તાવેજ અથવા તેમાં કોઈ સ્થિતીનો અર્થઘટન કરવુ પડે છે. જયારે અસ્પષ્ટતા હોય છે, ત્યારે પક્ષકારોનો હેતુ ધ્યાનમાં લેવાનુ રહે છે. સામાન્ય રીતે પક્ષકારો પોતાનો ઉદેશ વ્યકત કરવા માટે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે પરંતુ ઘણીવાર તેઓ તેમ કરતા નથી તે વખતે ફરીથી કાયદાનો મુખ્ય નિયમ ઘ્યાને લેવાનું રહે છે. પક્ષકારોના હેતુ પર સ્પષ્ટ અને સંદીગ્ધ શબ્દો ઉપરવટ રહે છે. સૌથી આવશ્યક બાબત એ છે કે, દસ્તાવેજમાં જાહેર કરેલ અભિવ્યકતીઓ પરથી પક્ષકારોનો હેતુ જાણવાનો રહે છે. તેથી જો દસ્તાવેજ માં વાપરેલ ભાષા સ્પષ્ટ અને અસંધિગ્ધ હોય ત્યારે પક્ષકારોના હેતુ પર દસ્તાવેજમાં વપરાયેલ શબ્દો ઉપરવટ રહે છે. વધુમાં ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૩ મુજબ તે બધા દસ્તાવેજો કે જે નિરીક્ષણ માટે કોર્ટ સમક્ષ રજુ થાય તેવા દસ્તાવેજોને દસ્તાવેજી પુરાવા કહેવાય. વધુમાં ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૬૧ મુજબ દસ્તાવેજ માંની વિગતો પ્રાથમીક અથવા ગૌણ પુરાવા ધ્વારા સાબીત થવી આવશ્યક છે તેથી કોઈ પણ દસ્તાવેજના નિર્ણય માટે તે દસ્તાવેજ પુરાવા અધીનીયમની જોગવાઈ મુજબ તે પુરવાર થયેલ હોવુ જોઈએ. દસ્તાવેજી પુરાવાના કીસ્સામાં સુસંગતતા, સ્વીકૃતિ અને સાબીત થયેલ એટલે કે દસ્તવેજોનુ અમલ, દસ્તાવેજમાં દર્શાવેલ વિગતોની સાબીતી બન્ને એક સાથે ધ્યાને લેતા સાબીતી અંગેનો નિર્ણય થઈ શકે.

(૧૧) આમ, ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતના ચૂકાદાઓ ધ્યાને લેતાં, દિવાની કાયદાનો એ સુસ્થાપિત સિધ્ધાંત છે કે દિવાની દાવામાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબબીલીટીના સિધ્ધાંત પર આધાર રાખવાનો છે. આ ધોરણને કેટલીકવાર સં ભાવનાના સંતુલન અથવા પુરાવાની પ્રગતિ તરીકે પણ વર્ણવવામાં આવે છે. જો પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કોર્ટ ને એમ લાગે કે અમુક હકીકત તેના કરતા વધુ સંભવિત છે કે નથી. વધુમાં દિવાની દાવામાં

પક્ષનિવેદન એ ખુબજ મહત્વનો ભાગ ભજવે છે અને તે એક મકાન ના નિર્માણમાં પાયાનુ જેટલુ મહત્વ હોય છે તેટલુ જ મહત્વ ધરાવે છે. જો એક વ્યકિત પાયા વ્યવસ્થિત રીતે બનાવે તો તે પાયા પર તે બહુમાળી મકાન બનાવી શકે છે અને જો પાયા યોગ્ય રીતે બનાવવામાં ન આવેલ હોય તો મકાન ગમે તે તબકકે પડી જવાની શક્યતા રહેલી છે. પક્ષ નિવેદન કરતી વખતે પક્ષકારે તમામ પ્રકારની જરુરી સાવચેતી રાખવાની રહે છે. પક્ષકારે પાતે કરેલ પક્ષ નિવેદનની બહાર જવાની પરવાનગી આપી શકાય નહી અને પોતે પક્ષનિવેદનમાં કરેલ સ્વીકૃતીને પરત ખેચવાની પણ પરવાનગી આપી શકાય નહી. જયાં સુધી પક્ષકાર સદર દાદ મેળવવા માંગતા નથી તેવુ ન જણાવે ત્યાં સુધી પક્ષનિવેદન ચાલુ જ માનવામાં આવે. વાદીનો કેસ પુરવાર કરવાનો પુરાવાનો બોજો હંમેશા વાદી પર રહેલ છે કારણ કે, વાદી ત્યારે જ માંગેલ દાદ મેળવવા હકકદાર રહે છે જયારે તે સફળ થાય. વધુમાં વાદી પર પુરાવાનો બોજો રાખવાનુ બીજુ કારણ એ છે કે હંમેશા જે વ્યકતિ અમુક હકીકતોના અસ્તિત્વ હોવાનુ જણાવતી હોય તે વ્યકતિએ આવી હકીકતનુ અસ્તિત્વ હોવાનુ પુરવાર કરવાનુ રહે છે.

વાદીના દાવાની દાદ જોઇએ તો, (૧) પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪, ૦૭ નાએ પેરા–૧ વાળી મોજે જંબુસર, તા. જંબુસર, જી. ભરૂચની સીમમાં આવેલ રે.સ.નં. ૧૩૮૦ વાળી જમીનનો તા. ૩૧–૦૩–૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૨૬/૦૮ થી જંબુસર રજીસ્ટ્રાર સાહેબની ઓફીસમાં પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ની તરફેણમાં કરી આપેલ વેચાણનો દસ્તાવેજ રદ કરવા હુકમો ફરમાવશોજી. (૨) પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ સદર પેરા–૧ વાળી દાવાવાળી મિલકત કોઈને કોઈપણ રીતે વેચાણ યા અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહિ કે તબદીલ કરે કરાવે નહિ તેવો દાવા દરમિયાન જાથુનો મનાઈ હુકમ ફરમાવશોજી. (૩) પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪, ૦૭ નાઓનું પેરા–૧ વાળી મોજે જંબુસર, તા. જંબુસરની સીમના બ્લોક નં. ૧૩૮૦ વાળી વાદીઓના પિતાની સ્વપાર્જીત મિલકત હોઈ મુસ્લીમ કાયદા મુજબ તેમાં વાદીઓ સીધી લીટીના વારસદારો હોઈ તેમનો હકક સમાયેલ છે

તેવું જાહેર કરવા હુકમ ફરમાવશોજી. (૪) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવશોજી. (૫) નામ. કોર્ટને યોગ્ય અને મુનાસીબ લાગે તેવો આ દાવાને અનુરૂપ ન્યાયી હુકમ ફરમાવશોજી.

(૧૨) વાદી તર્ફે આંક–૯૯ થી વાદી નં. ૦૫ અમીનાબેન ઈસપ વ્હોરા ઘાંચી નાઓએ લેખિત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓ દાવાની અરજીને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. વાદીની ઉલટ તપાસ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, "દાવાવાળી મિલકતનો સર્વે નં. ૧૩૮૦ છે. આ મિલકત હાલ ઘનશ્યામભાઈ પટેલ તથા જશુભાઈ છોટાભાઈ પટેલ પાસે છે અને જેના પર હાલ પ્લોટીંગ કરી ઓમકાર સોસાયટી બનાવેલ છે...તે સોસાયટીમાં ૩૦૦ થી ૪૦૦ મકાનો બનાવી અલગ અલગ વ્યકિતને વેચાણ આપેલ છે. જેમાં લોકો રહે છે...આ જમીન મુળ સરકારી પડતર જમીન હતી સાહેદ જણાવે છે કે મામલતદાર સાહેબ પાસેથી ટેનન્સી હુકમથી લીધેલ હતી...આ મિલકત અંગે મારા પિતા કે કરીમ હશન વચ્ચે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સીવીલ એપ્લીકેશન નં. ૧૨૨૬૨/૨૦૦૪ થી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી અને તેનો ચુકાદો તા. ૨૪/૦૯/૨૦૦૪ ના રોજ આવેલો. પરંતુ મે હાઈકોર્ટના હુકમ મુજબ હાલનો દાવો કરેલ છે...આ જમીન મફતભાઈ ભચજીભાઈ રબારી અને વિજયભાઈ અમરસિંહ આધે ભાગે ખેતી કરતા હતા...આ મિલકત કરીમ હસનના વારસદારોએ વેચાણ કરી દીધેલ છે...સને–૧૯૭૪ માં આ મિલકતમાં કરીમ હશને એન્ટ્રી કરાવેલી અને તે એન્ટ્રીના આધારે તેઓ કબજામાં આવેલા...દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ એ અવેજ આપી વેચાણ રાખેલી તેની મને ખબર છે...દાવાવાળી મિલકતમાં ઘનશ્યામભાઈ અને જશુભાઈનું નામ દાખલ થયેલુ તેની મને ખબર છે અને તેઓના નામ દાખલ થવા સામે રેવન્યુ કોર્ટમાં કોઈ કાર્યવાહી કરેલ નથી...એન્ટ્રી નંબર ૧૪૧૭૭ થી કરીમ હશનનું નામ દાખલ થયેલુ તે હું જાણું છું...કરીમ હશનના મરણ જતા તેઓના વારસોના નામ દાખલ થયેલા...દસ્તાવેજના આધારે ઘનશ્યામભાઈ અને જશુભાઈનું નામ રેવન્યુ

રેકર્ડમાં દાખલ થયેલું...તમામ મકાન ધારકોનું હું ઓળખતી નથી અને તેમની સામે કોઇ કાર્યવાહી કરેલ નથી..." અને અન્ય હકિકતોનો ઇન્કાર કરેલ છે.

(૧૩) વાદી તર્ફે આંક-૧૦૦ થી વાદી નં. ૦૪ મરીયમબેન ઈસપ વ્હોરા ઘાંચી નાઓએ લેખિત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓ દાવાની અરજીને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. વાદીની ઉલટ તપાસ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, "હાલનો દાવો મેં પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ અને ૦૭ નાઓએ પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ને તા. ૩૧/૦૩/૨૦૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ તે રદ કરાવવા હાલનો દાવો કરેલો છે...મારી સરતપાસની હકિકત મારી બહેને લખાવેલ હોય મને બહુ ખબર પડતી નથી..." અને અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૪) વાદી તર્ફે સાહેદ રઝ્ઝાકભાઈ ઈબ્રાહીમભાઈ ઘાંચી નાઓનું આંક-૧૦૨ થી સરતપાસનું લેખિત સ્વરૂપનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ તેમના દાવા અરજીના જવાબને અનુરૂપ સમર્થનકારક સરતપાસ રજુ કરેલી છે. વાદીની ઉલટ તપાસ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, "પક્ષકારો વચ્ચે જે મિલકતની તકરાર ચાલે છે તે મિલકત સર્વે નં. ૧૩૮૦ અને ૧૩૯૧ છે...આ કામના વાદી મારા ફોઈ થાય છે...આજની તારીખે આ મિલકતો કોના નામે ચાલે છે એ મને ખબર નથી પરંતુ આજની તારીખે સામાવાળા જે મારા વિરોધી છે તેમની પાસે કબજો ભોગવટો છે અને સને-૧૯૮૦ ની આસપાસથી તેઓ કબજો ધરાવે છે...મેં આ અંગેનું કોઈ લખાણ વાંચેલું નહી પરંતુ ૧૯૭૪ પહેલા મેં વાંચેલુ...સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, મારો પણ હક્ક લાગે છે...મારો હક્ક બાબતે મેં કોઇ કાર્યવાહી કોર્ટમાં કરેલ નથી...પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ માં પોતે પ્રતિવાદી નં. ૦૫, ૦૬ ને દસ્તાવેજ કરી આપેલ છે જે મારે વાંચવામાં આવેલ નથી..." તેમજ અન્ય હકિકતોનો ઇન્કાર કરેલ છે.

(૧૫) પ્રતિવાદી તર્ફે ગુલામનબી કરીમ હસન વ્હોરા ધાંચી નાઓનુ આંક-૧૦૪ થી લેખિત સ્વરૂપની સોગંદ પર સરતપાસ રજુ કરવામાં આવેલ છે.

જેમાં તેઓ દાવાની અરજીના જવાબને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. પ્રતિવાદીની ઉલટ તપાસ વાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, "સર્વે નં-૧૩૮૦ વાળી જમીન અમોએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી રાખેલ નહી...સદર જમીન નિલામીથી મારી પાસે આવેલ નથી...કૌટુંબિક વહેચણના સાક્ષીના નામ ખબર નથી...કૌટુંબિક વહેંચણમાં કોઈ પૈસાની લેવડ દેવડ થયેલ નથી...સને-૧૯૭૪ મા મામલતદાર કોર્ટમાં કૌટુંબિક વહેંચણ થયેલ...કૌટુંબિક વહેંચણ જે એન્ટ્રી થયેલ છે તેનો ઉલ્લેખ સરતપાસમાં કરેલ નથી...કૌટુંબિક વહેંચણનો જે કરાર થયેલ તેનુ કોઈ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ નથી...અમોએ કૌટુંબિક વહેંચણની નોંધ ના આધારે અન્ય કોઈ સરકારી કચેરીઓમાં કાર્યવાહી કે નોંધ કરેલ નથી...અમોએ એન્ટ્રી નં-૧૪૧૭૭ ને લગત કાગળો આ કામે રજુ કરેલ નથી...અમોએ આ કામે દાવાના જવાબ સિવાય કોઈ પણ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી...સર્વે નં- ૧૩૮૦ પર અમોએ કોઈ લોન આજદિન સુધી લીધેલ નથી...સર્વે નં. ૧૩૮૦ વાળી મિલકત મેં મારા બાપ પાસેથી લીધેલી...એન્ટ્રી નં-૧૪૧૭૭ વાળી એન્ટ્રીની મને કોઈ જાત માહીતી નથી તેમજ ફેરફાર નોંધ નં-૧૫૮૬૨ નું પણ મને જાત માહીતી નથી...મારા પિતાજીના મરણ બાદ દાવાવાળી મિલ્કતનો તમામ વહીવટ હું કરતો હતો..."

(૧૬) વાદી દ્વારા સર્વે નં. ૧૩૮૦ વાળી જમીનનો તા. ૩૧/૦૩/૨૦૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૨૬/૦૮ થી જંબુસર રજીસ્ટ્રાર સાહેબની ઑફીસમાં પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ની તરફેણમાં કરી આપેલ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નં. ૦૫ થી ૦૬ દાવાવાળી મિલકતત કોઇને કોઇપણ રીતે વેચાણ યા અન્ય રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી કે તબદીલ કરે કરાવે નહી તેવો દાવા દરમ્યાન જાથુનો મનાઇહુકમ તેમજ પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪, ૦૭ નાઓ બ્લોક નં. ૧૩૮૦ વાળી વાદીઓના પિતાની સ્વપાર્જીત મિલકત હોઇ મુસ્લીમ કાયદા મુજબ વાદીઓ સીધી લીટીના વારસદારો હોય તેમનો હક્ક સમાયેલ હોય તેવુ જાહેર કરવા ની દાદ

માંગવામાં આવેલ છે. સદર કામમાં પ્રતિવાદી તર્ફે આંક-૧૧૬ થી ફેરફાર નોંધ નં. ૧૪૧૭૭ રજુ કરવામાં આવેલ છે. જે તારીખ ૦૪/૦૬/૭૪ ના રોજની છે અને જેમાં ફેરફાર થયેલ સર્વે નં. અને પ્લોટનો હિસ્સો ૧૩૮૦ અને ૧૩૯૧ છે. જે નોંધ જોઇએ તો જેમાં "તા. ૦૪/૦૬/૭૪ - વહેંચણ-કરીમ હશન તથા ઈસપ હશન ના પેત્યાળો હિસ્સે ચાલતી જમીન ભાઇ ભાગના વહેંચાણ થવાથી સદર જમીન કરીમ હસન ના હિસ્સે જવાથી નોંધ કરેલ હોવાનું જણાય આવે છે. આમ, આ નોંધ જોઇએ તો જે નોંધ તા. ૦૪/૦૬/૭૪ ના રોજની છે અને જે ભાઇઓ ના ભાગે જમીન વહેંચણ થયેલ હોય તે બાબતે તેઓએ નોંધ કરાવેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ રીતે જણાય આવે છે. વાદી દ્વારા ઉલટતપાસમાં સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ છે કે, સને-૧૯૭૪ માં મિલકતમાં કરીમ હસને એન્ટ્રી કરાવેલી અને તે એન્ટ્રી ના આધારે તેમના કબજામાં આવેલ. વધુમાં તેઓ સ્વીકાર કરે છે કે, કરીમ હસન મરણ જતા તેમના વારસોના નામ દાખલ થયેલા. આમ, વાદી દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે કે, સને-૧૯૭૪ ની સાલની દાવાવાળી મિલકતન કબજો ભોગવટો પ્રતિવાદીનાઓનો છે. આમ, રેકર્ડ પરના પુરાવા પરથી એવુ સ્પષ્ટ થાય છે કે કરીમ હસન તથા ઈસપ હસન નાઓ વચ્ચે તા. ૦૪/૦૬/૭૪ ના રોજ જમીન ભાગનું વહેંચણ થયેલ છે. સદર કામમાં ઈસપ હસન વ્હોરા ઘાંચીનાઓએ સને-૧૯૭૪ માં વહેંચણ થયેલ તે વહેંચણને અને તેના આધારે ફેરફાર નોંધ નં. ૧૪૧૭૭ પડેલ છે. આમ, દાવાવાળી મિલકતમાં ૧૯૭૪ ની સાલથી પ્રતિવાદીઓના માલિકી હક્ક કે નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતા આવેલ છે. આમ, સને-૧૯૭૪ થી પ્રતિવાદીઓનો કબજો ભોગવટો હોય તેવુ પુરવાર થાય છે. વાદીઓ તર્ફે એવો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેથી પુરવાર થઇ શકે દાવાવાળી મલિકતમાં વાદીઓનો પોતાનો કાયદેસરનો હક્ક કે અધિકાર પ્રાપ્ત થાય છે. વાદીઓ તર્ફે એવો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેનાથી એવુ પુરવાર થઇ શકે કે દાવાવાળી મિલકત વાદીઓના પિતા/પતિ અને પ્રતિવાદીઓના પિતા વચ્ચે વહેંચણ થયેલ નથી. વાદીઓ એવુ પુરવાર કરી શકેલ નથી કે

વડીલોપાર્જીત મિલકતમાં પ્રતિવાદીઓએ તલાટી સાથે મળી જઇને દાવાવાળી મિલકત પોતાના નામ કરાવી લેવા અને વાદીઓના કાયદેસરના હક્કને નષ્ટ કરવા માટે બનાવટી સંમતિપત્ર ઉભો કરી હક્ક પત્રક નં. ૦૬ ના ઉતારામાં ખોટી રીતે તા. ૦૪/૦૬/૧૯૭૪ ના રોજ ફેરફાર નોંધ નં. ૧૪૧૭૭ કરાવી લીધેલ હોય. આમ, જ્યારે બે ભાઇઓ એટલે કે ઇસપ હસન વ્હોરા ઘાંચી અને કરીમ હસન વ્હોરા ઘાંચી વચ્ચેનું વહેંચણ સંમતિથી થયેલ હોવાનું પુરવાર થાય છે જ્યારે વહેંચણ બંને ભાઇઓ વચ્ચે થયેલ હોય અને ત્યારબાદ તે વહેંચણ બાબતે વાંધો ઉઠાવવામાં આવે તો પણ ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એસ્ટોપેલ નો બાધ નડે છે. આમ, દાવાવાળી મિલકત સને-૧૯૭૪ થી વહેંચણ થયેલ હોય તેવુ દસ્તાવેજી પુરાવા પરથી જણાય આવે છે. વાદીઓ દ્વારા સ્વપાર્જીત મિલકત હોવાનું જણાવેલ છે. પરંતુ સદર કામમાં વાદીઓ તર્ફે એવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરાવામાં આવેલ નથી કે જેના પરથી એવુ પુરવાર થઇ શકે કે દાવાવાળી મિલકત વાદીઓના પિતા/પતિ ઇસપ હસન વ્હોરા ઘાંચીની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની મિલકત છે. વાદીઓ તર્ફે એવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેનાથી એવુ પુરવાર થઇ શકે કે તેમાના પિતા/પતિએ દાવાવાળી મિલકત બાબતે કોઇ સંમતિપત્ર કે બક્ષીક્ષ લખી આપેલ નથી તેમ છતાં પ્રતિવાદીઓએ તલાટી સાથે મળી જઇને તા. ૦૪/૦૬/૭૪ ના રોજ ખોટી નોંધ પડાવેલ હોય તેવુ પુરવાર થઇ શકતુ નથી. વધુમાં મુસ્લીમ કાયદા અન્વયે હિન્દુ કાયદા મુજબ જન્મ દ્વારા તેઓને મિલકતમાં હક્ક હિસ્સો પ્રાપ્ત થતો નથી અને સદર કામમાં દાવાવાળી મિલકત વાદીઓ દ્વારા એવુ પુરવાર કરી શકેલ નથી કે દાવાવાળી મિલકત ઇસપ હસન વ્હોરા ઘાંચી નાઓની સ્વપાર્જીત મિલકત છે તેવો કોઇ પુરાવો વાદીઓ દ્વારા રજુ કરવામાં આવેલ ન હોય. જેથી જ્યારે દાવાવાળી મિલકત સ્વપાર્જીત પુરવાર થતી ન હોય જેથી **મુદ્દા નં. ૦૧ અને ૦૩** નો જવાબ **નકારમાં** ઠરાવું છું.

(૧૭) <u>મુદ્દા નં. ૦૨, ૦૪ અને ૦૫ ની ચર્ચાઃ</u>-

સદર કામમાં વાદીઓ તર્ફે રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી એવું પુરવાર થતુ નથી કે દાવાવાળી જમીન તેઓના પિતા ખેડતા હતા અને તેમના અવસાન બાદી વાદીઓ માલિકી હક્કે કબજા ભોગવટામાં ખેડતા આવેલ અને બીજાઓ પાસે ત્રીજા ભાગથી ખેડાવતા હતા. સદર કામમાં રજુ થયેલા દસ્તાવેજી પુરાવા પરથી એવુ જણાય આવે છે કે, ફેરફાર નોંધ નં. ૧૪૧૭૭ થયા ત્યારબાદ થી દાવાવાળી મિલકત કરીમ હસનના ભાગે વહેંચણથી આવેલ હોય તેવુ જણાય આવે છે. વાદી તર્ફે એવો કોઇ પુરાવો રજુ કરાવામાં આવેલ નથી કે, પ્રતિવાદી નં. ૦૭ દાવાવાળી મિલકતના ગણોતીયા છે તેવુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય પ્રતિવાદી નં. ૦૧ થી ૦૪ ને મદદ કરવા પ્રતિવાદી નં. ૦૭ નાઓએ ખોટો પુરાવો ઉભા કરી પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ ને દસ્તાવેજ કરી આપેલ છે. સદર કામમાં પ્રતિવાદી નં. ૦૮ નાઓને પ્રતિવાદી નં. ૦૪ નાઓએ તા. ૦૩/૦૮/૨૦૧૦ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારની કચેરી, જંબુસર માં નોંધાયેલ છે. આમ, પ્રતિવાદી નં. ૦૮ ઉમેશભાઇ જશભાઇ પટેલ નાઓ દાવાવાળી મિલકત પ્રતિવાદી પાસેથી શુદ્ધબુદ્ધિ ખરીદનાર છે. ખરીદનાર સાવધાન નો સિદ્ધાંત પરંતુ સાવધાની અને ટકેદારી એક સામાન્ય વ્યકિત રાખે અને લઇ શકે તે પ્રકારની હોવી જોઇએ. સદર કામમાં જોઇએ સને-૧૯૭૪ થી વહેચણ ના આધારે દાવાવાળી મિલકત પ્રતિવાદીઓ પાસે આવેલ હોવાનું પુરવાર થયેલ છે ત્યારે તેના રેકર્ડના આધારે પ્રતિવાદી નં. ૦૮ ઉમેશભાઇ જશભાઇ પટેલ નાઓ શુદ્ધબુદ્ધી થી ખરીદનાર છે એટલે કે બોનોફાઇડ પરચેઝર બનેલ છે. સદર કામમાં રજુ થયેલા દસ્તાવેજી પુરાવા પરથી એવુ સ્પષ્ટ થાય છે કે, વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ નાઓને કરી આપવામાં આવેલ છે પરંતુ તે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ હોય તેવુ પુરવાર થઇ શકતુ નથી. વાદીઓ તર્ફે એવુ પણ પુરવાર થઇ શકતુ નથી કે, દાવો કર્યો તે સમયે મફતભાઇ રબારી તથા વિજયભાઇ ચૌહાણ ને તેઓએ મિલકત ત્રીજા

ભાગે ખેતી કરવા માટે આપેલી ત્યારે પ્રતિવાદી નં. ૦૫ અને ૦૬ એ તેઓને ધમકાવી ડરાવીને ખેડાણ કરવુ નહી તેવું જણાવેલ હોય તેવુ પુરવાર થઇ શકતુ નથી. જેથી મુદ્દા નં. **૦૨, ૦૪** અને **૦૫** નો જવાબ **નકારમાં** ઠરાવું છું.

(૧૮) મુદ્દા નં. ૦૬ ની ચર્ચાઃ–

સદર કામમાં રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ વાદી દ્વારા જે દાદો માંગવામાં આવેલ છે તે ધ્યાને લેતાં એવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેનાથી એવુ પુરવાર થઇ શકે કે વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. જેથી **મુદ્દા નં. ૦૬** નો જવાબ **નકારમાં** ઠરાવુ છું.

(૧૯) મુદ્દા નં. ૦૭ અને ૦૮ ની ચર્ચાઃ–

આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદીઓ પુરવાર કરી શકેલ નથી કે દાવાવાળી મિલકત તેઓના પિતા/પતિ ઇસપ હસન વ્હોરા ઘાંચી ની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની છે અને વાદીઓનો મુસ્લિમ કાયદા મુજબ વારસાઇ હક્ક સમાયેલ છે. વાદીઓ તર્ફે (૧) નામદાર સુપ્રિમ કોર્ટ, સિવિલ અપીલ નં. ૧૫૭૩/૨૦૨૩, કૌશિક પ્રેમકુમાર મિશ્રા વિ. કાનજી રાવરીયા ઉર્ફે કાનજી, (૨) નામદાર સુપ્રિમ કોર્ટ, સિવિલ અપીલ નં. ૯૦૩૫/૨૦૧૩, સ્પે. લીવ પીટીશન(સિવિલ) નં. ૩૩૫૬૩/૨૦૧૧, સાવિત્રીબાઇ વિ. સાવિત્રીબાઇ (૩) નામદાર ગુજરાત હાઇકોર્ટ ના સેકન્ડ અપીલ નં. ૩૧૭/૨૦૨૧, સિવિલ એપ્લીકેશન નં. ૧/૨૦૨૧, લક્ષ્મણભાઇ કરશનભાઇ પટેલ વિ. મૃતકના કાયદેસરના વારસ રમીલાબેન ઉર્ફે રમીબેન કરશનભાઇ પટેલ ની ઑથોરીટી રજુ કરેલ છે. જે નામદાર વડી અદાલતની હકિકતો અને સદર દાવાની હકિકતો ભિન્ન પ્રકારની છે. વાદી મુદ્દાનં. ૦૧ થી ૦૫ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી વાદી માંગ્યા મુજબની દાદો મેળવવા હક્કદાર થતા નથી. જેથી **મુદ્દા નં. ૦૭** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં. ૦૮** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

૧. વાદીઓનો દાવો નામંજુર કરવામાં આવે છે.

૨. પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. ૨૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૬
જંબુસર

(નિલેશકુમાર આર. સોલંકી)
એડી. સિવિલ જજ,
જંબુસર
જીજે–૦૧૪૩૨